

# ભીની ક્ષણોનો વૈભવ

(સચિત્ર)

પં. શીલચંદ્રવિજયજી ગણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ભીની ક્ષણોનો વૈભવ
(સચિત્ર)

પં. શીલચન્દ્રવિજય ગણિ

શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ
ગોધરા
ઈ. ૧૯૯૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# "ભીની ક્ષણોનો વૈભવ"

(ભક્તિપ્રવણ પદો અને જિન-ચિત્રો)

લેખન-સંકલન
**આચાર્ય શ્રીવિજયસૂર્યોદયસૂરીશ્વરજીશિષ્ય**
**પં. શીલચન્દ્રવિજય ગણિ**

પ્રકાશક :
**શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ, ગોધરા**
© ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ

પુસ્તક - ૧
પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, સં. ૨૦૫૧

પ્રત: ૨૨૦૦

મૂલ્ય : રૂા. ૧૦૦-૦૦

મુદ્રક
**ગ્રાફિક પ્રોસેસ સ્ટુડિઓ** - અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સમર્પણ

શ્રી સંઘના અધિષ્ઠાતા
સૌની ભકિતનાં અધિષ્ઠાન
શાસનસમ્રાટ - પરમગુરુનાં
પાવન કરકમલોમાં

જ્યાં આપનાં પગલાં પડ્યાં ત્યાં આજ ઢગલા સુખતણા, જ્યાં આપની અમીનજર થઈ સામ્રાજ્ય ત્યાં આનંદનાં
કારુણ્ય-છલકંતા તમારા હૃદયનો પડઘો હશે ? પરિપાક કે એ આપના અતિ-પુણ્યનો ગુરુવર હશે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

અમારી ઉત્સાહી મિત્રમંડળીનું, કાંઈક નવી અને ઉપયોગી પ્રવૃત્તિ કરી છૂટવાનું સોણલું, આજે અમને મનગમતા સ્વરૂપમાં સાકાર થતું જોઈને અમે અપાર હર્ષની લાગણી અનુભવીએ છીએ.

અમે મિત્રો વાતો માંડીને બેઠા હતા, એમાં એક મિત્રે સૂચન કર્યું : આપણે મહારાજ સાહેબને કહીએ કે કાંઈક સરસ સાહિત્ય લખી આપે, જે આપણને અને ઘણાબધાને જીવનોપયોગી થાય; અને એના પ્રકાશનની તથા વિતરણની જવાબદારી આપણે સંભાળીએ. કાંઈક સારું શીખીએ તો જ જીવન સાર્થક, અને કોઈ સારા કામમાં જોડાઈએ તો જ જીવવાની મજા. વાત બધાએ એકસૂરે વધાવી લીધી. 'તરત દાન ને મહાપુણ્ય' - એ નિયમ મુજબ પૂજ્યપાદ ગુરુમહારાજ આ. શ્રીવિજયસૂર્યોદયસૂરિજી મ. તથા તેઓના શિષ્ય પૂ.પં. શ્રીશીલચંદ્રવિજયજી નો સંપર્ક કર્યો, વિનંતિપૂર્વક વાત રજૂ કરી. અમારા સદ્ભાગ્યે તેઓશ્રીએ વાત સાંભળી, અને આશીર્વાદ પણ આપ્યા. એનું ફળ તે અમારું ટ્રસ્ટ અને તેના માધ્યમથી પ્રગટ થતું આ સર્જનાત્મક પુસ્તક.

મંગલાચરણરૂપે શ્રીતીર્થંકર દેવોનાં ચિત્રો તથા પદોથી મઘમઘતું આ પ્રકાશન કરતાં અમે અનેરી ધન્યતાનો અનુભવ કરીએ છીએ. અમારી શ્રદ્ધા છે કે ધીરે ધીરે પૂજ્ય ગુરુદેવોની કૃપા તથા સહયોગથી અમારું ટ્રસ્ટ આવાં અનેક ઉત્તમ પુસ્તકો સમાજના કરકમલોમાં અર્પી શકશે.

લિ.

શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ વતી

| | |
|---|---|
| જયંતીલાલ કાનજીભાઈ શેઠ | દિનેશચંદ્ર મણીલાલ શાહ - પ્રમુખ |
| વિક્રમ રમણલાલ શાહ | કિરીટકુમાર શાંતિલાલ શાહ |
| સુદર્શન ચીમનલાલ ગાંધી | દિનેશકુમાર કાંતિલાલ ડૉક્ટર |
| પરેશ જસવંતલાલ શાહ | ગિરીશચંદ્ર શંકરલાલ શાહ |
| પિંકેશ મફતલાલ શાહ | |

સંપર્ક : કિરીટકુમાર શાંતિલાલ શાહ, શાન્તિનગર, ગોધરા-૩૮૯૦૦૧ (પંચમહાલ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# 'તેમાં કશું ખોટું નથી'

જૂની રંગભૂમિના નામાંકિત નાટ્યકાર અને કવિ ડાહ્યાભાઈ ધોળશાએ જીવનની, અંતરને વલોવી દેતી પળોમાં આ પંક્તિઓ ગાઈ હતી :

"જજો જ'ન્નમમાં રાજ જગતનું, વાત-વિસામો ન ટળશો,
ડા'પણ-દરિયો વાત-વિસામો, માણેક-મિત્ર કયાં મળશો ?"

પ્રત્યેક સહૃદય વ્યકિતને પોતાનું હૈયું ઠલવી શકાય તેવો અને પોતાની વાત સોંપી શકાય તેવો એક વિસામો મળે તેવી આકાંક્ષા હોય છે. પૈસા મૂકવા માટે બેંકો છે; જોખમ સાચવવા માટે લૉકર્સ પણ મળે, પણ જીવનની ગોપનીય વાતોને અને હૈયાના અણદીઠ ભાવોને સોંપવા માટેની જગ્યા-વિસામો-મળવો આ સંસારમાં વિકટ છે. કદીક મળી જાય તો તેની માવજત તો તેથીય કઠિન છે.

લાગણીભીનું હૈયું, પોતાની ક્ષમતા અને રુચિ મુજબ, પોતાનો વાતવિસામો કયાંકથી ને કયાંકથી ખોળી જ લેતું હોય છે. પરંતુ, આ દુનિયા બડી ખેપાની છે; ખેપાની એટલે જ શાણી. એને વિસામો બનતાંય આવડે છે, અને ગરજ સર્યે ખસી જતાંય એટલું જ આવડે છે. જ્ઞાનીઓ કદાચ તેથી જ એને 'સ્વાર્થી સંસાર' તરીકે પિછાને છે.

વાત ખોટી પણ નથી. સંસાર, સંસારના સંબંધો, સંબંધીઓ અને વિસામાઓ - વાસ્તવમાં કાચી માટીના ભીંતડાં જ જણાય છે. અને કાચી ભીંતે ટેકો લઈ ઊભનારની દશા કેવી માઠી થાય તે કાંઈ આપણને અજાણ્યું નથી જ. કદાચ એટલે જ, સમજદાર આદમી દુન્યવી વિસામાના રવાડે ચડવાનું માંડી વાળી ચિરસ્થાયી અને આશરે આવનારને કદાપિ છેહ ન દે તેવા વિસામાની શોધમાં ખોવાઈ જતો હોય છે. એની ઉત્કંઠાભીની શોધના નિષ્કર્ષરૂપે એને જે ચીજ મળી આવે છે, તેનું નામ છે : "ભકતવત્સલ ભગવંત". એ ભગવંત સાંપડતાં જ એનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગણીઘેલું વિવશ હૈયું હરખથી ભીંજાતું ગુંજી ઉઠવાનું :

"વાત વિસામો જિનથી અધિકો, ઉત્તમ કોણ ગણીશ ?"

સંસાર સ્વાર્થસાર છે. આમ છતાં તે અસાર તો નથી જ. સંસાર જો સાવ અસાર હોત, તો તેમાં રહેનારા આપણને પરમકરુણાવંત ભગવંત કેવી રીતે પ્રાપ્ત થાત ! ભગવંતની પ્રાપ્તિ - એ પણ ઉપલબ્ધિ તો સંસારની જ અને સંસાર થકી જ છે, એ તથ્યને ઉવેખવું આપણને ન પાલવે.

સંસાર અસાર નથી, હરગીઝ નહિ. અસાર તો છે એ સંસાર પ્રત્યેની આપણી આસકિત, મૂઢતા અને વ્યાકુળતા. આ ત્રણ તત્ત્વોને તારવી લઈએ તો સંસાર જેવી શિક્ષાપ્રદ બીજી કોઈ સ્થિતિ નહિ જડે.

આ તત્ત્વોને જીવનમાંથી અને મનમાંથી નાબૂદ કરવાનો રામબાણ ઈલાજ છે : ભકિત. ભકિતનો ઉદય થાય છે વ્યાકુળ હૈયામાં, અને પછી તે જ્યારે શબ્દોનાં વાઘાં સજીને પ્રગટ થાય છે ત્યારે તેનું નામ સ્તવન, ભજન, પદ, સ્તોત્ર - ગમે તે - છપાતું હોય છે. સાર એક જ કે હૃદયમાં ઊગેલી ભકિતની અભિવ્યકિત માટે શબ્દો એ અનુપમ માધ્યમ છે.

વ્યાકુળતાથી ભીની ક્ષણો જીવનમાં વારંવાર આવી છે. કદાચ એવી જ ક્ષણો આ સ્તવનોના શબ્દોમાં કેદ થઈ ગઈ હોય તો ના નહિ. એ ભીની ક્ષણોનો વૈભવ આ ક્ષણે હૃદયને આર્દ્ર અને અવશ બનાવી મૂકે છે.

શબ્દાંકિત થયેલા આ ભાવોને સ્વરાંકિત કરવાનું શ્રેય જેમને ફાળે જાય છે તેમનું નામ યાદ આવતાં હૈયું કૃતજ્ઞતાના ભાવથી છલકાઈ જાય છે. એ સજ્જનનું નામ છે : સ્વ. સંગીતકાર ઘનશ્યામભાઈ દલપતરામ વ્યાસ (ખંભાત). સંગીતની, વિશેષતઃ જૈન પૂજાસંગીતની દુનિયાનું આ એક મોટું અને છતાં મહદ્અંશે અણજાણ રહેલું નામ છે, એમ કહેવામાં લેશ પણ અત્યુકિત નથી. આ સજ્જને આ સ્તવનોના રાગ બાંધ્યા છે, એ રાગોમાં સ્વરાંકન કરીને ગાઈ બતાવ્યાં છે, અને એના આધારે જ અહીં તે તે રાગોનાં નામો છાપ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારા જીવનને ચૈતન્યધબકતું બનાવનાર બે પૂજ્યો : પરમદયાળુ સંઘનાયક પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયનન્દનસૂરીશ્વરજી મહારાજ તથા પરમપૂજ્ય ગુરુભગવંત શ્રીવિજયસૂર્યોદયસૂરિજી મહારાજ. પૂજ્ય ગુરુ ભગવંતે મને 'ભાવપ્રાણ' બક્ષ્યા; એમના વિશે એક જ વાકય કહું : "માત-પિતા સમ એહ". તો પૂજ્યપાદ શ્રી નન્દનસૂરિભગવંતે એ ભાવપ્રાણને સંવાર્યા, એનો ઉદ્ધાર કર્યો, એને ઘાટ આપ્યો. શબ્દો દ્વારા કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું બહુ કઠિન બને છે. છતાં એટલું કહી શકાય : "હે ઉપકારી, આ ઉપકાર તુમારો કદીય ન વીસરે."

એક નામ હજીયે યાદ આવે છે. ઉમેરું. એ નામ છે શ્રી રતિલાલ દીપચંદ દેસાઈનું. ભગવાન શ્રી મહાવીરદેવની પચીસમી નિર્વાણ શતાબ્દી વેળાએ, પૂજ્યપાદ આચાર્યભગવંત પાસે આદેશાત્મક સૂચના અપાવરાવી મને લખવાના અને પછી પદો રચવાના ચાળે એમણે ચડાવ્યો. એમની એ પ્રેરણાત્મક જિદનું પારંપરિક પરિણામ તે આમાં રજૂ થયેલાં પદો.

પૂજ્યપાદ પરમગુરુ શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી દાદાના સમયમાં જયપુરના કોઈ ઉત્તમ ચિત્રકારે ચોવીશ પ્રભુનાં અનુપમ ચિત્રો આલેખેલાં. આ ચિત્રો કોઈ રીતે પ્રકાશમાં આવે તેવી પૂજ્યપાદ આચાર્યભગવંતની ઉત્કટ ઝંખના. એકવાર તો તે ચિત્રો છાપવા માટે આપ્યાં પણ હતાં, પણ સંયોગવશ તે કામ તે સમયે ન થયું. આ પછી તેઓશ્રીએ એ ચિત્રો સં. ૨૦૨૫ કે ૨૦૨૬માં મને સોંપ્યાં - એવા ભાવ સાથે કે "તું આને બને તો યોગ્ય રીતે પ્રકાશમાં લાવજે."

જૂની પેઢીના પૂજ્યોની એક મોટી ખૂબી એ હતી કે તેઓ ઈચ્છા વ્યકત કરતા, આગ્રહ કદી ન સેવતા. ઈચ્છા દર્શાવીને અટકી જવાનું, પછી તેનો આગ્રહ કે વળગણ નહિ, આ કેવી આદર્શ સ્થિતિ !

આ વાતને વર્ષો વહ્યાં, અને આજે જુદા જ રૂપમાં એ પૂજ્યશ્રીની એ ભાવના સાકાર કરવાની તક મળી છે, ત્યારે હૈયે ભારે હર્ષ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમાં પ્રકાશિત ચિત્રોની સોહામણી ફોટોગ્રાફી કરનાર શ્રી મહેન્દ્રભાઈ ર. શાહ (ફોટો ફલેશ, વડોદરા), ટાઈટલની ડિઝાઈન પોતાના આર્ટિસ્ટ પાસે કરાવી આપનાર શ્રીરમણલાલ મોહનલાલ ગાંધી (અમદાવાદ), મુદ્રણવ્યવસ્થા સંભાળનાર સત્સંગી શ્રાવક શ્રીરતિલાલ લાલભાઈ શાહ (અમદાવાદ) તથા વર્ષોથી અપ્રકાશિત રહેલી આ સામગ્રીને પ્રકાશમાં આણવાનો આગ્રહ કરીને સાથે સાથે તેની સઘળી જવાબદારી લેનારા, "શ્રીભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ" - ગોધરાના ઉત્સાહી ગુરુભક્ત યુવાન મિત્રો - આ બધાયનું સ્મરણ કરવું એ ઉચિત કર્તવ્ય જણાય છે.

પ્રાંતે, સ્વાન્તઃસુખાય લખાયેલી આ કૃતિઓ, તજ્જ્ઞોને જોડકણાંસમી ભાસે તેવી પાકી શકયતા છે. કાવ્યતત્ત્વ કે ભક્તિતત્ત્વ આ લઘુ રચનાઓમાં છે, એવા ભ્રમમાં તો હું પણ ન રહું તે જ ઈષ્ટ-ઉચિત ગણાય. આમ છતાં, "બાળ જિમ તાત આગળ કહે, વીનવું તેમ હું તુજ રે" - એ રીતે પરમાત્મા સાથે કરેલી 'ગુફતગૂ' લેખે આ કૃતિઓને જોવા-મૂલવવાની હું તજજ્ઞોને વિનંતી કરી લઉં તો 'તેમાં કશું ખોટું નથી'.

શ્રાવણ શુદિ પૂનમ, ૨૦૫૧ — શીલચંદ્રવિજય
કારેલીબાગ, વડોદરા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# પ્રવેશ
(ભૈરવ)

પ્રિયતમ ! પ્રાન કરૈ પોકાર
તુજ વિરહાનલ દાહૈં મુજકો, ચૈન ન આવૈ લગાર...
અંતરમેં ઘમસાન મચ્યો હૈ, જીઉરો બન્યો બેજાર
હરદમ રટન કરત મુજ હિયરું, બાલમ ! નામ તિહાર
ખિન ખિન તલસું દરસન તેરો, અંતરતમ-આધાર !
અબ તો આઓ સાજન ! જલદી, બિનતિ સુનો દિલદાર !
પીરિતિ કર બૈઠો મૈં તો સે, સમજી યાર ઉદાર
અબ તલસાવો કાહે મોહેં, માલિક ! દિયો રે દિદાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# થાક
(નટ ભૈરવ)

થાકયો હું ભવ ભટકી, **ઋષભજિન !**
ભવમેં સુખ અરુ દુઃખ સદા દો, ખડ્ગ રહૈ શિર લટકી
જહઁ જાઊ તહઁ સાથ ન છોડૈ, બાત બડી ખટપટકી ૧

રીસ, પ્રીત અરુ મત્સર - લોભા, સંગત દંભ-કપટકી
મિલ કર યે ચર બૈઠે સબ તો, મોં કો ઊંધો પટકી ૨

મમ દુરગતિ હોવૈ પ્રભુ ! જૈસે, જલમેં કાની મટકી
માલિક ! કર પકરો મૈં તોસે, આશ ધરું ભવ-તટકી ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# લાચારી
(અલ્હૈયો બિલાવલ)

**અજિત-જિણંદ** જુહાર, તું જિઉરા !
કરમ-ભરમ સબ ટાર, તું જિઉરા !

મોહરાય મદહોશ બની જબ, આયૌ કરન પ્રહાર
જિનને છિનમેં તિનકો તબ તો, કર દીન્હૌં બેકરાર ૧

વિષય-વિકાર અસાર તજત જિન, ઔર દોષ અઢાર
પદ નિરવાન સ્યું પ્રીતિ માંડૈ, છાંડી ભવ-ભરમાર ૨

અહંકાર-પરવશ મુજ હિયરું, બન્યું દીન લાચાર
તા કારન બિગરી બાજી મુજ, હીન ભયો આચાર ૩

દીનદયાલ ! **અજિતજિન** ! અબ હું, જાચું શરન તિહાર
અવર ન કછુ માંગું પ્રભુ ! મૈં, બસ, નેક-નિગાહ નિહાર ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# યાચના
(હમીર કલ્યાણ)

**જિનેશ્વર ! સંભવ !** ભવ-ભય ટાળ
'સોહં'-પદનું દાન દઈને, અહંભાવ મમ બાળ
તું કરુણાકર, હું તુજ ચાકર, ના કર ઢીલ દયાળ ૧

હીર હણ્યું મુજ આતમનું મેં, રચી વિષય-જંજાળ
ક્રૂર નઠોર બની મુજ મારે, મોહ-મલ્લ વિકરાળ ૨

વિશ્વ-સકલનો તું તારણ તું કર્મ-વિદારણ કાળ
પાપ-નિવારણ કર મમ હે વિભુ !, યાચે એટલું બાળ ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ?

(શુદ્ધ વસંત)

**શ્રી અભિનન્દન**-ચરન-કમલ કી, શરન સકલ-સુખદાઈ રે
તીન ભુવન-પાવન મનભાવન, તા સમ દૂજું ન કાંઈ રે ૧

એ જિનકો દર્શન અઘમર્ષણ, વર્ષણ પુણ્ય-કમાઈ રે
કઠિન કરમ-ઘર્ષણકો ટારૈ, તારૈ ભવકી ખાઈ રે ૨

જગ-ઉદ્ધારન-કારન હે જિન ! ભાવદયા બરસાઈ રે
દીન અભાગી અધમ હું સેવક, તો બિસર્યો ક્યોં સાંઈ રે ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# એકરાર
(તિલક કામોદ)

**સુમતિપ્રભુ !** જગજન-મંગલકારી
**સુમતિપ્રભુ !** જગહિતકર નિરધારી
પંચમ જિનપતિ દે પંચમ ગતિ, દુર્ગતિ-દુઃખ-સંહારી...

કામ વિષમ વિષધર કી સંગત, લાગત મોહે પ્યારી
તો બસ બન ઉનમત્ત કિયો મૈં, અનુચિત કરમ નઠારી ૧

મમતાફંદ ફસ્યો દુર્મતિ-સ્યોં કીન્હીં મૈં દિલદારી
ધ્યાન-અશુભ ભાવૈ અતિ મોંકો, જનમ ગયો હું હારી ૨

ઈસબિધ પર-ઘર ખૂબ રમ્યો હું, થાકયો અબ હું ગમારી
આયૌ આપ-શરન હે સાહિબ ! તુમ બિન કૌન સહારી ? ૩

અબ નિજ-ઘર જા કર ખેલન કી, દિલ મેં દાનત ભારી
બાંહ પકર સેવકકી માલિક !, બિગરી લે તું સુધારી ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દાવો
(મિશ્ર પહાડી)

**પદ્મપ્રભ જિનરાજને** વંદું, વદન-પદ્મ નિરખી આનંદું
તસ પદ-પદ્મ-યુગલની સેવા, આપે નિત્ય મનવાંછિત મેવા ૧

શ્રીજિનવરની આણા પાળું, પ્રસરાવું સમકિત-અજવાળું
અંધારું મિથ્યાત્વનું કાળું, પૂર્ણ પ્રયત્ને તેને ટાળું ૨

અથડાતો ભવ-વનમાં સ્વામી, આવ્યો તુમ ચરણે વિશરામી !
તારો સેવકને શિવગામી ! સમરથને શી વાતે ખામી ? ૩

સાહિબ ! ઝાઝું નહિ તરસાવો, કરુણાનું અમૃત વરસાવો
અનુભવરૂપે હૈયે આવો, સ્વીકારો સેવકનો દાવો ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અરદાસ

(મિશ્ર માઢ; જગજીવન જગવાલહો - એ દેશી)

**શ્રી સુપાર્શ્વજિન** સાહિબા ! સત્તમ સત્તમ દેવ લાલ રે
સેવકની ભવ-ભીતિને, જે ટાળે તતખેવ લાલ રે ૧

તુજ શાસન પામ્યા છતાં, રાખું પાપની હેવ લાલ રે
ચિત્ત ભમે સંસારમાં, ન ટળે જૂની ટેવ લાલ રે ૨

મૂઢ બની મમતામહીં, મ્હાલંતું મન મામ લાલ રે
સમતા-ઘરમાં તે થશે, કયારે વિભુ ! ઠરી ઠામ લાલ રે ૩

આવું વિડંબન માહરું, તું વિણ કહું કુણ પાસ લાલ રે
અંતરયામી સાંભળો, સેવકની અરદાસ લાલ રે ૪

જો સર્વજ્ઞ તુમે પ્રભુ, તો પેખો મુજ પીડ લાલ રે
દેવ **સુપાર્શ્વ** જિનેશ્વરુ, ભાંગો મનની ભીડ લાલ રે ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નામમાહાત્મ્ય
(ચન્દ્રકૌંસ)

નામ-રૂપ અતિ મીઠો, પ્રભુકો .....
ધન્ય ધન્ય કૃતપુણ્ય ભયો અજ, **ચંદ્રપ્રભજિન** દીઠો
દૂર ગયો દુર્ધ્યાન સકલ મુજ, પાપ-તાપ સબ નીઠો ૧

નિર્બલ ઉચ્છૃંખલ મુજ દિલકો, દેખી ઝટપટ પઈઠો
પંચબાણ પીડે તન-મન કો, કુટિલ જટિલ બહુ ધીઠો ૨

ચંદ્રકિરણ સમ ઉજ્જવલ શીતલ, રૂપ તિહાર ગરિટ્ઠો
પીડ હરત નિષ્કામ કરત તબ મોં મન એ અતિ-ઈટ્ઠો ૩

સકલ-સત્ત્વ-હિતંકર જિનવર, તું જગતિલક વિસિટ્ઠો
નામ-જપન તુજ પાપ-ખપન કો, સાધન જગ ઉક્કિટ્ઠો ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જોખમની સોંપણી
(અડાણા)

પકડો **સુવિધિનાથ** ! મુજ હાથ
તું-સમ દીનાનાથ ન કોઈ, હું-સમ દીન-અનાથ

આજ લગે ભટક્યો હું ભવમાં, મિથ્યા-સુર સંગાથ
મોહમૂઢ થઈને દીધી મેં, બાવળ-કાંટે બાથ ૧

અંતરિયાળ રઝળતો મૂકી, છોડી ગયા એ સાથ
ત્યારે ભાન થયું કે હું તો, ભૂલો પડયો'તો નાથ ! ૨

આવ્યો છું હું હવે ગણીને, 'જાગ્યા ત્યાંથી પ્રભાત'
દ્યો શરણું આ બાળ-અબુઝને, દયાવંત હે તાત ! ૩

યોગ-ક્ષેમ આશ્રિતને આપે, એવા છો પ્રભુ ! નાથ
તેથી મુજ આતમની ચિંતા, હવે તમારે હાથ ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આજીજી
(દેશી)

હું પામર ને પરમ તું દેવ !
હે મનવાંછિતદાયક ! મારી આશ પૂરો જિનદેવ ! .....

દૂષિત નયન અને મન મારાં, જ્યાં-ત્યાં ભમે સદૈવ
પુદ્‌ગલ-રમણાની હજી એની, જાય ન જૂની ટેવ ૧

રંગ વિષયનો સંગ કુમતિનો, મનડું કરે નિતમેવ
આ ભ્રમણામાં ભંગ પડે પ્રભુ ! એવું કરો તતખેવ ૨

સુખદ સુખડ-સમ **શીતલ સ્વામી** ! પામી મેં તુજ સેવ
પામરતા મમ મનની શમે એ, આશીષ યાચું દેવ ! ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# બેચૈની
(સરસ્વતી)

શ્રેયસ્કર **શ્રેયાંસ જિણંદ**
સેવા તુજ ચરનનકી સાહિબ ! કાટૈ આઠ કરમકો ફંદ .....

શિવ-રમનીકી સંગત પાઈ, સાંઈ ! રંગત આપ કરંદ
ભવ-વનમેં ભટકું હું ભગવન્ ! કૌન મિટાવૈ મુજ દુઃખદંદ ૧

તૃષ્ણા-પરવસ ખેલું તમાસા, બઢત જાય મેરો ભવકંદ
સૂધબૂધ આવૈ જબ, મૈં તબ, ભાગ્યહીન પછતાઊં મંદ ૨

ભયકો માર્યૌ ભવસેં હાર્યૌ, આયૌ આપ શરન જિનચંદ !
સ્વીકારો સેવક કર માલિક ! જ્યૌં પાઊં હું ચૈન અમંદ ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અંતરની આરત
(ઝીંઝોટી)

**શ્રી જિન વાસુપૂજ્ય** સુખદાઈ
જસ સુજસ ત્રિજગમેં છવાઈ
વાસવ સબ પૂજે તુજ ચરનન, અદ્‌ભુત એ ઠકુરાઈ...

માત-તાત અરુ ભ્રાત હમારો, મિત્ર તું નાથ સખાઈ
દીન હું, દીનદયાલ તું સાહિબ ! થોરી કરો સહાઈ ૧

સબ સદ્‌ગુન-રતનોંકો સાગર, તું ત્રિભુવન મેં સવાઈ
અગનિત-અવગુન-પૂરન મન મમ, કુટિલ કલંકી સદાઈ ૨

શુદ્ધ નિરંજન રૂપ તિહારો, યોગીજન મન ભાઈ
પુદ્‌ગલનંદી સ્વરૂપનિકંદી, જિયરો મુજ પંકાઈ ૩

અંતરકી આરત અબ ઈતની, એ અંતર કબ જાઈ ?
અવર ન યાચું, અધિક ન યાચું, કૃપા કરો હે સાંઈ ! ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અવિવેક !
(મારુબિહાગ)

**વિમલજિન !** સાચું શરણ તું એક
તારા ચરણ ન છોડું કદાપિ, એ મમ મનની ટેક .....

ભવ-રણમાં સંસરણ કરંતાં, શરણ લહ્યાં મેં અનેક
જનમ-મરણના ચક્કરમાંથી, તારણ-તરણ ન એક ૧

રાગ-રીસ-અજ્ઞાનદશાનો, ઘટતાં કંઈ અતિરેક
માર્ગાભિમુખ બન્યો મુજ આતમ, ઉપન્યો ચિત્ત વિવેક ૨

પુણ્ય-ઉદય જાગ્યો મન લાગ્યો, તુજ વચને રસ છેક
ભવવારણ ને દુઃખવિદારણ, પ્રતીત થયો તું નેક ૩

ચરણ-કમલ તુજ પકડું, ન છોડું, થાય ભલે અવિવેક
મનમંદિરના સિંહાસન પર, કરું હું તવ અભિષેક ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# લક્ષ્ય-સન્ધાન
(પૂર્વી)

**અનંતજિન** ! જ્ઞાન તિહાર અનંત
તીન ભુવનકે તીન કાલકે, જાને જ્ઞેય અનંત .....

ઉપાદેય શુદ્ધાતમ-પદમેં, નિર્વિકલ્પ વિલસંત
હેય સકલ પુદ્ગલદલ ત્યાગી, આપ ભયે ભગવંત
જ્ઞાનરૂપ અરિહંત... ૧

કર્મઅધીન દીન જગતજન, દેખી કરુનાવંત
ઉર આવ્યો સમભાવ અલૌકિક, જ્ઞાન-સફલ બલવંત
તૂ લોકોત્તર ગુનવંત ... ૨

ઉપાદેય તુજ વચન હમારે, ધ્યેયરૂપ તું સંત
હેય અનેરો જગ સબ ઈતનો, બખશો જ્ઞાન ભદંત !
જ્યું પાઊં ભવકો અંત ... ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુપમ ધર્મ
(ગૌડ મલ્હાર)

સાહિબ ! અનુપમ ધર્મ તિહારો
દુઃખતપ્ત જગ-શાંતિકરન એ, કરુના-પીયૂષ ધારો

કોઊ નિજઘર-ભરન ભમત હૈ, એકલપેટ અસારો
નિજ ભકતનકે કારન નિકલ્યો, કોઊ તારનહારો
સબ મિથ્યાજાલ પ્રસારો... ૧

જૈન-અજૈન, મનુષ્ય-ઇતર વા, નિંદક હો વા પ્યારો
યહ નિજ યહ પર ભેદ ન જિનવર, આપ હૃદયમેં ધારો
સબકો સમભાવૈં તારો... ૨

સકલ વિશ્વકો મંગલકારન, શોકનિવારન સારો
**ધર્મજિનેશ્વર** આપ પ્રકાશ્યો, ધર્મ અનન્ય ઉદારો
જો જનમ-મરન-પ્રતિકારો... ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તવૈવાહમ્
(બૈરાગી)

ધન ધન શાંતિજિનંદ ગુન-પીન
સ્વર્નિમ કાંતિ મેરુ-શિખરિ-સમ, કિંતુ ન હિયરું કઠીન...

શારદ-શશિ-જ્યોત્સ્ના-સમ બાની - અમૃતરસે જગ તીન
પુષ્ટ અદુષ્ટ ભયે અરુ ઉજ્જવલ, જ્યું લવનોદધિ-ફીન ૧

હરન ચરન પર વિલસે, તલસે, સેવા તુજ નિશ-દીન
અચરિજ તૂ પ્રભુ ! કિંતુ મૃગાંક જ્યું, નહીં કલંકી ક્ષીન ૨

નામ 'શાંતિ' ઉપશામૈ ભ્રાંતિ, પ્રતિમા શમરસલીન
**શાન્તીશ્વર**કો સેવક કબહૂ, હોવત નહિ ગમગીન ૩

રોગ-શોક-મદ-મોહ બિચારે, જાસ પ્રભાવૈ દીન
ઐસે પ્રભુસે બન ગઈ પ્રીતિ, જ્યું ચાહત જલ મીન ૪

માલિક તૂ, મૈં તેરા બંદા, જીવન આપ-અધીન
શાંત કરો ચંચલ ચિત્ત મોંકો, જાચું દેવ પ્રબીન ! ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# લગાવ
(મુલતાની)

પ્રણમું **કુંથુનાથ** ધરી ભાવ
જગત-જંતુ-પાલન-હેતે જે, કરે કૃપા - છંટકાવ...

ચક્રરત્ન સહુ ચક્રી પાસે, વરતે નિશ્ચિતભાવ
ધર્મચક્ર પણ ધાર્યું આપે, અદ્ભુત એહ બનાવ ૧

તેજવિહીન બન્યો મમ આતમ, પાપ-પ્રકર્ષે સાવ
તેજકિરણ એક ધર્મચક્રનું, મુજ પર પ્રભુ ! પ્રસરાવ ૨

ચિત્તવિશોધક દોષનિરોધક, તુજ પ્રવચન - સદ્ભાવ
ક્ષણ-ક્ષણ ભવ-ભવ તુજ શાસનનો, મળજો નાથ ! લગાવ ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શરણાગતિ
(કલાવતી)

અબ મૈં તેરો **અર જિનરાજ !**
કાલ અનંતો ઘર ઘર ભટકયો, અજહૂ ન સીઝયો કાજ...

પહિલે બહુ દિન મોહરાજ જબ, થા મુજ ગરીબનિવાજ
'ધર્મ' શબ્દ તબ તક તો મૈંને, નહીં સુન્યો મહારાજ ! ૧

ચરમાવર્તે ધર્મ-ભ્રમે મૈં, કીનો ઘોર અકાજ
દેવ ભજે બહુબિધ બહુ કષ્ટેં, તો ભી ભયો તારાજ ૨

સબ તેં હાર્યો ભવ-ભય ડાર્યો, મોહ-નિવારન-કાજ
તુમ્હરે શરન હું આયો સાહિબ ! જાન જગત-સરતાજ ૩

હે જગબંધુ ! કરુનાસિંધુ -, હે ભવ-તરન-જહાજ !
સમકિત અબ બાંટો ભવ કાટો, રાખો હમારી લાજ ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સાફલ્યટાણું
(પીલુ)

**શ્રી મલ્લિજિણંદ** નિહાળો, પરભાવ-રમણતા ટાળો
નિજ ગુણનું ધન સંભાળો, કચરો સવિ કર્મનો બાળો ૧

જે રીતે મથ્યો અનંગ, સ્વામી ! એ અદ્‌ભુત ઢંગ
અમને શીખવો એ જંગ, જેમ વિઘટે વિષય-તરંગ ૨

હું રઝળ્યો ઘણું સંસારે, વિષયોનાં મૃગજળ-લારે
અદ્યાવધિ કામ-વિકારે, રીબાઉં હું પ્રભુજી ! ભારે ૩

હે નાથ ! હવે તો ઉગારો, તુમ વિણ ના કોઈ સહારો
નિજ દાસ ગણી સ્વીકારો, તો છૂટે પાપ-પનારો ૪

હે કુંભ-નૃપતિ-કુલભાનુ !, તુજ આણા મનથી માનું
પડશે તો મુજ ઠેકાણું, ને સફળ થશે આ ટાણું ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સુમિરન
(હંસધ્વનિ)

સમરું પલ પલ **સુવ્રત** નામ
વંદું હું વધતે પરિણામ ...

એ જિનવરનું નામ જપે જે, તસ સરતાં સહુ કામ
તાસ વચન-સેવનથી હોવે, ભવનો પૂર્ણવિરામ
હું સેવું આઠે યામ ૧

**સુવ્રતજિન**-પૂજનથી શમતી, શનિની પીડ તમામ
એમાં શું અચરજ ? એ તોડે, કર્મોનો ય દમામ
પ્રભુબલ અવિચલ ઉદ્દામ ૨

વિષમ બન્યું મમ મન સમતાળુ !, નર્યું અશુભનું ધામ
સેવકની આ પીડ હરો જિન !, જગબાંધવ નિષ્કામ !
જિમ જીતું જીવન-સંગ્રામ ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

13 6305

# પડકાર
(જયજયવંતી)

સખી રી **નમિજિન** મોં મન ભાવે
જો બિગરી બાજી બનાવે...

ક્લેશભર્યો કલુષિત મન મેરો, કયોં કર નિરમલ થાવે
વિકટ સમસ્યા યહ જીવનકી, નિશદિન ખૂબ સતાવે ૧

શ્રીનમિજિનકે ચરનકમલ અબ, આશ ઉલ્લાસ જગાવે
ભઈ દિલમેં પરતીત, હમારી - ઉલઝન એહી સુલઝાવે ૨

પ્રભુકો પાવન શાસન આસન, જા કે દિલમેં જમાવે
તાકે બહુબિધ અવગુન ભારી, આપ હી નિરબલ થાવે ૩

જ્યૌં જ્યૌં તુમ ગુન ગાઉ સાહિબ !, ત્યૌં ત્યૌં આનંદ આવે
માનું તો ગુન તેરો વિભુ ! જો, આપ-રૂપ દરસાવે ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પોકાર
(ગોરખ કલ્યાણ)

જગતમાં સહુનું કરે કલ્યાણ
**શ્રીનેમિ-જિણંદ**ની આણ...
રાગ-દ્વેષ મિટાવે એને, સુખની મળે રસલ્હાણ
સાંભળતાં સંતાપ શમાવે, પ્રભુ ! તુજ આગમવાણ ૧

દેવોને દુર્લભ દરશાવ્યાં, દેવ ! તમે ગુણઠાણ
મોહવશે પણ હું નિર્ભાગી, કરું નિજ-ગુણની હાણ ૨

આર્તનાદ પશુઓનો નિસુણી, તાસ ઉગાર્યો પ્રાણ
શું પોકાર અમારો સુણશો, કદી ન જીવનપ્રાણ ! ૩

વારવાર શું કરું વિનંતિ, હે જિનરાજ સુજાણ !
કરુણાકર ! મમ કર્મો કેરું, ખતમ કરો ઘમસાણ ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ભગતિ-તરંગ
(બસંત)

મનમેં પ્રગટ્યૌ ભગતિ-તરંગ

**પાસજિનંદ**-મુખચંદ નિરખકર, જાગ્યૌ અજબ ઉમંગ

બ્યાપ્યૌ બ્યોમ જ્યું જસ જસ જગમેં, અવિકૃત ઔર અભંગ

છાંડી મમતા સાધી સમતા, ટાર્યૌ વિષય-પ્રસંગ

તંગ કરત જો લોક-સકલકું, માર્યૌ આપ અનંગ

કમઠ-સરિસ શઠકી હઠ જૂઠી, ઠારન આપ અઠંગ

શમરસ ઉલસત વદન-કમલ પર, જ્યું સામુદ્ર તરંગ

પતિત, અધમ અરુ મલિન-હૃદય મૈં, તૂ પાવન જ્યું ગંગ

કથીર કો કંચન મેં પલટત, પારસ-પારસ-સંગ

પાસ છુડાઓ પાસ પ્રભુ ! અબ, માંગું ભવકો ભંગ...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આનંદ
(ભૈરવી)

પ્રભુકો અદ્‌ભુત અતિશય છાજે
વૃક્ષ અશોક નિહાળી ભવિકો, શોક સકલ દૂર ભાંજે
બિધ બિધ કુસુમકી વૃષ્ટિ કરત સુર, ઉરમેં આનંદ-ઘન ગાજે ૧

નભમેં ભવિજન-મન-સુખકારન, દિવ્ય મધુર સ્વર બાજે
ઉજ્વલ ચામર, રત્ન સિંહાસન, છત્રત્રય શુભ રાજે ૨

હાર્યો મેઘ ભયો મુખ શ્યામલ, દુંદુભિ-ધીર-અવાજે
મેરે પ્રભુકે મુખમંડલ પર, આભામંડલ રાજે ૩

યું અડ પ્રાતિહારજ - શોભાયુત, સમવસરનમેં બિરાજે
**વીર જિનંદ** મુખચંદ દરશ કરી, પાયૌ આનંદ આજે ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કેફિયત

(બિલાસખાંની તોડી)

ઈમ મેં થુણિયા જિન ચોવીશ
જિનગુણગાન કર્યું બહુમાને, પૂરી મનહ જગીશ...

વાતવિસામો જિનથી અધિકો, ઉત્તમ કોણ ગણીશ ?
તેથી આત્મ-નિવેદન આ તો, સ્તવન-મિષે કર્યું ઈશ ! ૧

વિક્રમથી દો સહસ્ર ઉપરે, વરતે ચુમ્માલીશ
ફાલ્ગુની પૂનમના શુભ દિવસે, સ્તવ્યા જિણંદ જગદીશ. ૨

શ્રીજિનભકિત-તરંગે ન્હાતાં, દિવસ ગયા દસ-વીશ
માનું સફલ કૃતારથ તે દિન, મળજો પુનરપિ ઈશ ! ૩

સુગુરુ-પસાયે શુભ-વ્યવસાયે, રચતાં પદ ચોવીશ
પુણ્ય રળ્યું જે તેથી ચેતન-મય હું વિશ્વા વીશ ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જય શત્રુંજય
(તિલંગ)

આજ મૈંને ગિરિવર દરિશણ કીનો
**યુગ આદીસર** જય જગદીસર, નિરખત અમીરસ પીનો ૧

નયનયુગલ મુજ સફલ ભયે અબ, કરમ કુટિલ ભટ દીનો ૨

તેરે બિન જિન ! રાચું ન કિનમેં, તુજ સુમિરન-જલ-ભીનો ૩

**શ્રીશત્રુંજય-નાથ** ! નિરંજન ! મુજ મન તુજ ગુન-લીનો ૪

તુજ શાસન-**નન્દન**વનમેં હમ, ધરમ-કલ્પ-ફલ લીનો ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અદ્‌ભુત રૂપ તિહારો
(આશાઉરી)

પ્રભુજી ! અદ્‌ભુત રૂપ તિહારો
નયનયુગલ ઉત્પલસમ સોહે, મોહે મન-મધુકર મારો
ભાલ ભવ્ય ઝળકે બહુ તેજે, હેજે ચંદ્ર સંભારો ૧

દિવ્ય તિલક વિલસે પ્રભુ ભાલે, આકાશે જિમ તારો
મસ્તક ઉપર મુકુટ વિરાજે, કથતો પુણ્ય-પ્રકારો ૨

નિર્મલ વિપુલ હૃદયતલ છાજે, કરુણારસ-આગારો
બાહુ ઉભય ભયનાશી વિશાલા, ભાંજે કર્મ-ઠઠારો ૩

ચરણ-કમલ-યુગ સેવા સારે, અમર-અસુર-નર-વારો
નિર્લાંછન પદ વરવા પન્નગ-પતિ લાંછન સુખકારો ૪

કસ્તૂરીસમ શ્યામલવરણી, કરતી સુરભિ-પ્રસારો
અમી નીતરની મૂર્તિ વિલસતી, હરતી ચિત્તવિકારો ૫

અનુપમ શોભા-શોભિત જિનવર, મુજ વિનતિ ઉર ધારો
આંતર-રિપુગણ દૂર કરણકો, યાચું આપ-સહારો ૬

જય **શત્રુંજય પાર્શ્વ જિણંદા,** દાસની આશ નિવારો
શ્વાસે શ્વાસે સમરું તુજને, એક જ તું આધારો ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અજારા પાર્શ્વનાથ ભગવંત !

(દરબારી કાનડા)

અજારા પાર્શ્વનાથ ભગવંત
પાવન તવ નામ-સ્મરણે મમ
રોમ રોમ વિકસંત

બાલારુણસમ અરુણિમ આભા, તવ અંગે વિલસંત
ઉજ્જવલ-ફૂલ-મઢ્યો તું સોહે, મધ્ય-રવિ ઝલકંત ૧

તવ ન્હવણનું જલ અજયરાજના, કરે રોગનો અંત
તો ભવ-રોગ અમારો પણ પ્રભુ ! આપ શમાવો સંત ૨

હું દુઃખિયો કરુણાને લાયક, તું વિભુ કરુણાવંત
અજ્ઞ હું, તું સર્વજ્ઞ; હું નિર્ગુણ, સાહિબ ! તું ગુણવંત ૩

દૂર દૂરથી તવ દરબારે, દોડી આવ્યો ભદંત !
તુજ દર્શનથી નિજ દર્શન હો !, યાચું એ અરિહંત ! ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આનન્દગાન
(માલકૌંસ)

જગતગુરુ ! **વર્ધમાન ભગવાન**
ચરમ જિનેશ્વર જય જગદીશ્વર, કરતાં જગકલ્યાણ...

મનને જીત્યું, મમતા મારી, સાધી સમતા મહાન
દૂર કર્યાં શુભ-આતમધ્યાને, રાગ-દ્વેષ-અજ્ઞાન ૧

ચોંત્રીશ અતિશય અનુપમ વિલસે, પાંત્રીશ વાણીગુણ-ખાણ
શાસન-અકાશે અહનિશ જે, સદા ચમકતો ભાણ ૨

હે જગગુરુ ! યાચું તુજ પાસે, સમકિત-સુખનાં દાન
તુજ શાસન-**નન્દન**વન પામી, કરીએ આનંદગાન ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કાટો કરમ-જંજીર

(બાગેશ્રી)

વીર ! હરો ભવ-પીર... મેરી
તૂ ઉપશમ અમૃતરસ સાગર, સાગર જ્યું ગંભીર
કર્મ-સુભટ તુજ આગે ન ટકે, તૂ રિપુ-ખંડન ધીર ૧

ઇતને દિન ભટક્યો ભવ-જલમેં, તો ભી ન પાયો તીર
અબ હું શરને આયૌ સ્વામી ! કાટો કરમ-જંજીર ૨

દાહૈ ભવ-દાવાનલ મુજકો, છાંટો કરુના-નીર
જ્યું સબ દાહ મિટૈ મુજ મનકો, પ્રગટે આત્મ-ખમીર ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વન્દન

(યમન કલ્યાણ)

જિનજી ! યાચું શરન તિહારો
તૂ જગતારન શિવસુખકારન, વારન કુમતિ-પ્રસારો
તૂ ભવભંજન ભવિમનરંજન, સજ્જન જન-આધારો ૧

તૂ કરુનાકર ત્રિભુવન-ઠાકર, ચાકર વીર ! હું થારો
તૂ રીઝે સીઝે મુજ કારજ, ભાંજૈ ભવ-ભય-ભારો ૨

તુજ ગુનકમલ બિમલ અતિ નિરખી, હરખૈ મન-અલિ મારો
**ત્રિશલાનન્દન** દુરિતનિકંદન, વંદન મમ અવધારો ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તલસાટ
(દેશ)

અખિયાં તલસે પ્રભુ-દર્શનકો
**ત્રિશલાનન્દન** જિન મનમોહન, ચરનકમલ-ફરસનકો ૧

**વીર** અનોપમ ચંદ નિહાલી, હૃદય-કુમુદ-બિકસનકો ૨

અભ્યંતર રિપુ-ખલ-દલકા સબ, દૂર કરન ઘરષનકો ૩

**વીર જિનેસર** ભેટી પાઊં, શુદ્ધાતમ-હરખનકો ૪

પ્રભુ-ગુન-**નન્દનવનમેં** વિહરી, હરું મૈલ અબ મનકો ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ઉજ્જયંત ગિરનાર
(આહીર ભૈરવ)

**જય જય ઉજ્જયંત ગિરનાર**
ત્રિભુવનમાં પાવન એ અનુપમ, ઉપવન પુણ્યનું સાર...

**નેમિજિનેશ્વર** શ્રીપરમેશ્વર, યાદવકુલ-શણગાર
દીક્ષા-કેવલ-મોક્ષ થકી તસ, એ ગિરિવર સુખકાર ૧

પહેલી ટૂંકે ચૌદ જિનાલય, શિખરબંધ શ્રીકાર
પ્રથમ સર્વથી તેહમાં સોહે, દાદાનો દરબાર ૨

શ્યામલવરણું નમણું સલૂણું, વિલસે બિંબ ઉદાર
કામ-વિજયનો ઘોષ ગજવતું, તીરથનો આધાર ૩

તનનો શ્રમ, સંતાપ હૃદયનો, ને ભવ-ભયનો ભાર
ટાળે એ ઊર્જાના દૈવી-પુંજ તણો દેદાર ૪

ત્રીજી ટુંકે અંબાદેવી, તીર્થ-રક્ષણાધાર
ગણધરનાં પગલાં પણ વરતે, પંચમ ટુંક મોઝાર ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્તમાનમાં આ બે સ્થાને, ઈતરોનો અધિકાર
સત્તા ને પશુબળની સામે, સકલ સંઘ લાચાર ૬

જ્ઞાનવાવ ગજપદકુંડાદિક, કુંડ ઘણા જલધાર
પાવન જલ જેનાં ભવ-જલથી, ભવિનો કરે ઉગાર ૭

ગૌમુખી ગંગામાં પ્રભુજીનાં, પગલાં છે સુખકાર
પણ ઈતરો કરતાં ત્યાં નિશદિન, આશાતન દુઃખકાર ૮

રાજિમતીની ને રથનેમિની, પ્રતિમા ગુફા-મઝાર
સાથે નેમીશ્વરનાં પગલાં, નિરખી ધન્ય અવતાર ૯

એક ચૈત્ય છે દિગંબરોનું, પહેલી ટુંકે ધાર
ઈતરોના દેવોનાં છૂટક, સ્થાનકનો નહિ પાર ૧૦

સહસ્રામ્રવનમાં પ્રભુ-પગલાં, કલ્યાણક-સ્મૃતિ સાર
નૂતન મંદિરમાં ચઉમુખ જિન, વળી વિપુલ પરિવાર ૧૧

તીર્થ-તળેટીએ સુંદર પ્રભુ-ઋષભનું ચૈત્ય જુહાર
પ્રભુ-પગલાં ને અંબા-મૂરત, પણ ચઢતાં પગથાર ૧૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રવચન થકી એ ગિરિવરનો, જાણી પ્રભાવ અપાર
યાત્રાર્થે ઉલ્લસિયું અંતર, કીધો દીર્ઘ વિહાર ૧૩

વિક્રમથી બે સહસ્ર ઉપર, અડતાલીશ વિચાર
માઘ શુદી એકમના દીઠો, દાદો મેં દિલદાર ૧૪

જ્યોતિ જળહળ નેમપ્રભુનાં, મુખડાંની પલવાર
એકટકે અનુભવતાં મેં તો, ધોયાં પાપ હજાર ૧૫

તીર્થ-પ્રભાવે મુજ મનના સહુ, મટજો વિષય-વિકાર
સરસ શીલનાં ને પાલનથી, સફળ હજો અવતાર ૧૬
જય જય ઉજ્જયંત ગિરનાર...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# આ પ્રકાશનમાં લાભ લેનારા પુણ્યવાનો

૧. શ્રી મણિલાલ ચુનીલાલ - પરિવાર બાંડીબાર (ગોધરા)વાળા,
સ્વ. શ્રી જયંતીભાઈના સ્મરણાર્થે -

૨. પિતાશ્રી પોપટભાઈ, માતુશ્રી શશીબેન, ભાઈશ્રી ભરતભાઈની સ્મૃતિમાં
ગુણવંતભાઈ પી. શાહ - કોઠ

૩. સ્વ. માતુશ્રી રંભાબેન પ્રભુદાસ વીરચંદ શાહ (ઘોઘાવાળા)ના સ્મરણાર્થે
અ.સૌ. જ્યોતિબેન બળવંતરાય વારૈયા, તળાજા

૪. શાહ શશીકાંત શકરાભાઈ, હ. સંજય શાહ, ખંભાત

૫. સ્વ. અ.સૌ. શ્રી ધનલક્ષ્મીબેનના સ્મરણાર્થે, શાહ રમણીકલાલ નરોત્તમદાસ, ભાવનગર

૬. પૂજ્ય સ્વ. સાધ્વીશ્રી રતિશ્રીજી મ.ની પુણ્યસ્મૃતિ નિમિત્તે, એક સદ્ગૃહસ્થ.

૭. શ્રી પ્રભાબેન કાનજીભાઈ શેઠ, હ. જયંતીલાલ કાનજી શેઠ, ગોધરા

૮. શ્રી નવીનચંદ્ર હરિલાલ ભીમાણી - પરિવાર, મુંબઈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org